૧૩૮

મધ્યસ્થ કચેરી
૨૨ DEC 2012
ક્રમ નંબર ૧/૧/૧૦૮૫

ગુજરાત માહિતી આયોગ,
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન,
પહેલા માળે, સેકટર-૧૮,
ગાંધીનગર.

માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૮ હેઠળ ફરિયાદ બાબત.

ફરિયાદ નં.૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨ અને ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨

ફરીયાદી : શ્રી ચંદ્રવદન ધ્રુવ
૨૦૭, ધનલક્ષ્મી ચેમ્બર્સ,
પોલીસ કમિશ્નર કચેરીની બાજુમાં,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦૦૪.

વિરૂધ્ધ

સામાવાળા : આ સાથેના પરિશિષ્ઠના અ.નં.૧ થી ૭૩૯ સામે કોલમ નં.૩ માં દર્શાવ્યા મુજબ.

ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગર સમક્ષ

તા.૦૪/૦૯/૨૦૧૨

ફરિયાદી શ્રી ચંદ્રવદન ધ્રુવએ આયોગ સમક્ષ આ હુકમના પરિશિષ્ટમાં અનુક્રમ નં.૧ થી ૭૩૯ ઉપર દર્શાવ્યા મુજબની વિગતે કુલ ૭૩૯ અરજીઓ રજૂ કરેલ છે ઉપરોકત પ્રત્યેક અરજીની વિગત આ હુકમના ઉકત પરિશિષ્ટના અનુક્રમ નં.૧ થી ૭૩૯ ઉપર તે દરેક સામે કોલમ નં.(૨) થી (૧૦) માં વિગત મુજબ નોંધવામાં આવી છે. આયોગ દ્વારા તે દરેક અરજી તેની સામે કોલમ નં.(૯) માં દર્શાવેલ કારણસર, કોલમ નં.(૭) માં દર્શાવેલ ક્રમાંકથી અને કોલમ નં.(૮) માં દર્શાવેલ તારીખે નોંધવામાં આવી છે.

ઉપરોકત તમામ અરજીઓથી શ્રી ધ્રુવએ આયોગ સમક્ષ કરેલ રજૂઆત ઉપર વિચારણા કરતાં આયોગને જણાયું છે કે તે તમામ અરજીઓમાં

DMC(F)
-12-2012
AMO
(RTI Cell)

ફરીયાદના કારણદીઠ શ્રી ધ્રુવની રજૂઆતનું વિષયવસ્તુ અને લખાણ શબ્દસઃ એક જ છે અને તેથી તે પ્રત્યેક અરજીમાંથી આયોગની વિચારણા અને નિર્ણય અંગે ઉપસ્થિત થતાં મુદ્દા એક જ હોવાથી તે તમામ અરજીઓની વિચારણા અને નિર્ણય આ એક હુકમથી કરવાનું આયોગને યોગ્ય અને જરૂરી જણાયું છે અને તદ્અનુસાર આયોગ દ્વારા નીચે મુજબ વિગતવાર વિચારણા કરવામાં આવી છે.

૧.૧ વિચારણા હેઠળની ઉપરોકત ૭૩૯ અરજીઓમાં રજૂઆત જોતાં શ્રી ચંદ્રવદન ધ્રુવએ પ્રત્યેક અરજીથી સંબંધિત પ્રત્યેક જાહેર માહિતી અધિકારી પાસેથી તેમના જાહેર સત્તામંડળ દ્વારા વખતોવખત અદ્યતન કરીને પ્રસિધ્ધ કરેલા પ્રોએકટીવ ડીસ્કલોઝરની માહિતિની પ્રમાણિત નકલની માંગણી કરેલ હતી. તે માહિતિ સંબંધિત જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવી નથી. તેમાં તેમને મળેલા પ્રતિભાવોથી ઉપસ્થિત થતાં નીચે મુજબના કારણોથી વિચારણા હેઠળની અરજીઓ કરેલ છે.

(૧) જાહેર માહિતી અધિકારીએ અરજી ફી રૂ.૨૦/- ની માંગણી કરેલ છે.

(૨) જાહેર માહિતી અધિકારીએ અરજી ફી રૂ.૨૦/- અને માહિતીના પાના દીઠ રૂ.૨/- ની માંગણી કરેલ છે.

(૩) જાહેર માહિતી અધિકારીએ માહિતી ગુજરાત સરકારની વેબસાઇટ જીસ્વાન ઉપર ઉપલબ્ધ હોવાનું જણાવેલ છે.

(૪) જાહેર માહિતી અધિકારીએ માંગવામાં આવેલ માહિતી પૂરી પાડી શકાય તેમ નથી તેવું જણાવેલ છે.

(૫) જાહેર માહિતી અધિકારીએ કોઇ જ પ્રતિભાવ આપેલ નથી.

૧.૨ શ્રી ધ્રુવએ ઉપરોકત સઘળી અરજીઓથી રજુઆત કરી છે કે માહિતિ અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ) ની જોગવાઇ મુજબ પ્રત્યેક જાહેર સત્તામંડળે વિશાળ શ્રેણીની માહિતિ સ્વૈચ્છિક રીતે, નિયમિતપણે, વિનામૂલ્યે અને આપમેળે જાહેર કરવાની છે અને કોઇની માંગણીની જરૂરિયાત વગર વ્યાપક સ્વરૂપે તેનો પ્રસાર કરવાનો છે. તે માહિતિ ૩૦ દિવસની રાહ જોયા વગર શકય તેટલી ઝડપથી મળવી જોઇએ. તેની નકલનું ખર્ચ ભલે લેવામાં આવે પરંતુ તેનું નિરીક્ષણ વિનામૂલ્યે ઉપલબ્ધ થવું જોઇએ.

૧.૩ શ્રી ધ્રુવની રજૂઆત છે કે તેમણે સંબંધિત દરેક જાહેર માહિતી અધિકારી પાસેથી લેખિત અરજી કરીને અદ્યતન કરાયેલા પ્રોએકટીવ ડીસ્કલોઝરની નકલ માંગી હતી. તે સામેવાળાએ તેમને આપેલ નથી અને તેમ કરીને ફરીયાદીના માહિતિ મેળવવાના હકકમાં અડચણ ઉભી કરવાના ઇરાદાથી માહિતિ આપવાનો ઇન્કાર કરી આ અધિનિયમ અન્વયે ગુન્હો કરેલ છે.

૨.૧ શ્રી ધ્રુવએ ઉપરોકત અરજીથી નીચે મુજબ દાદ માંગેલ છે.

૨.૧(૧) : અદ્યતન કરેલા કુલ ૧૭ પ્રકરણો સહિતના પ્રોએકટીવ ડીસ્કલોઝરની નકલ વિનામૂલ્યે તાત્કાલિક મળે.

૨.૧(૨) : આ અધિનિયમના ભંગના ગુન્હાહિત કૃત્ય બદલે સામેવાળા પાસેથી પ્રતિદિન રૂ.૨૫૦/- લેખે દંડ વસુલ કરવા હુકમ કરવામાં આવે.

૨.૧(૩) : સામેવાળા વિરૂધ્ધ શિસ્તપાલનના પગલાં લેવા હુકમ અથવા ભલામણ કરવામાં આવે.

૨.૧(૪) : માહિતિ અધિકાર અધિનિયમની કલમ-૪ અન્વયેની ફરજો બજાવવામાં નિષ્ફળ રહેલ જાહેર સત્તામંડળના વડા વિરૂધ્ધ યોગ્ય કાર્યવાહી કરવા હુકમ અથવા ભલામણ કરવામાં આવે.

૨.૧(૫) : તમામ ૧૭ પ્રકરણોની માહિતી સંપૂર્ણ રીતે દર્શાવતા પ્રોએકટીવ ડીસ્કલોઝર જાહેર જનતાને સુલભ રીતે ઉપલબ્ધ થાય. તેવી વ્યવસ્થા તાકીદે ઉભી કરવા તમામ જાહેર સત્તામંડળોને હુકમ અથવા ભલામણ કરવામાં આવે.

૩.૧ આયોગને જણાયું છે કે વિચારણા હેઠળની સઘળી અરજીઓથી ફરીયાદીએ રાજયની જાહેર સત્તામંડળો દ્વારા નાગરિકોના માહિતિના અધિકારના યોગ્ય પરિપાલન સંબંધિત મહત્વની જોગવાઇઓના અમલની પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે વ્યાપક ફલક ઉપર પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. તેમાં માહિતિ અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ)થી નિર્દિષ્ટ કરાયેલ ક્રમ-(૧) થી (૧૭) મુજબની આપમેળે પ્રસિધ્ધ કરવાની અને સમયાંતરે અદ્યતન કરીને જાહેર જનતાને વિના અવરોધે સુલભ થાય તે રીતે માહિતિ પ્રગટ કરવાની આ જાહેર સત્તામંડળની ફરજનું યથાર્થ પાલન થયું નથી

તેવી ફરીયાદીની રજુઆતમાં ઘણું તથ્ય હોઇ શકે. તેને લક્ષમાં લઇને જો કે દરેક અરજીને પ્રથમ દર્શનીય રીતે ફરીયાદ તરીકે નોંધવામાં આવેલ છે. પરંતુ તેની આ અધિનિયમ હેઠળની ફરીયાદ તરીકેની વિચારણા પાત્રતામાં કેટલીક મહત્વની ત્રુટિઓ રહેલી છે અને તેથી આ સઘળી અરજીઓ સંદર્ભે સુનાવણી યોજવા યોગ્ય કારણ નથી.

૩.૨ પ્રત્યેક જાહેર સત્તામંડળમાં આ કામના ફરીયાદી સહિત કોઇપણ નાગરિકને સંદર્ભિત માહિતિ નિરીક્ષણ કરવા માટે ઉપલબ્ધ થવી જ જોઇએ તે બાબત પણ નિર્વિવાદ છે. જો કે પ્રસ્તુત ફરીયાદનું કારણ જાહેર માહિતી અધિકારી દ્વારા સંદર્ભિત માહિતિના અવલોકનના ઇન્કાર કરવામાં આવ્યો હોય તેવું નથી. પરંતુ ફરીયાદીએ તેની પ્રમાણિત નકલની માંગણી કરેલ અને તેવી નકલ વિનામૂલ્યે નહી મળવાથી આ ફરીયાદનું કારણ ઉપસ્થિત થયું છે. તેથી આ ફરીયાદનો વિચાર તેને અનુલક્ષીને કરવાનો થાય છે.

૪.૧ આ સંદર્ભમાં શ્રી ધ્રુવએ વિચારણા હેઠળની સઘળી અરજીઓથી માંગેલ દાદનો મુદ્દાવાર વિચાર કરતાં નીચે મુજબની સ્થિતિ સ્પષ્ટ થાય છે.

૪.૧(૧) : ફરીયાદીએ પ્રશ્ન હેઠળની માહિતીની નકલ વિનામૂલ્યે અપાવવાની માંગણી કરેલ છે. પરંતુ તે માહિતિ જાહેર સત્તામંડળના રેકર્ડમાં રહેલ સામગ્રીનો ભાગ છે. જાહેર માહિતી અધિકારી પાસે જયારે તે જોવા માટે તેની માંગણી કરવામાં આવે ત્યારે તે વિનામૂલ્યે નિરીક્ષણ માટે ઉપલબ્ધ કરવાની ફરજ છે. પરંતુ જો તેની પ્રમાણિત નકલની માંગણી કરવામાં આવે તો તેવી માંગણી જાહેર સત્તામંડળના હસ્તકના રેકર્ડની સામગ્રીની નકલની માંગણી બને છે. તેથી તેવી માંગણી માહિતિ મેળવવા માટેની વિનંતી મારફતે કરવી જોઇએ. માહિતિ અધિકાર અધિનિયમ અન્વયે તેવી વિનંતી કેવી રીતે કરવી જોઇએ તે આ અધિનિયમની કલમ-૬ ની પેટાકલમ-(૧)ના સ્પષ્ટ પ્રબંધોથી નિર્ધારીત થયેલ છે. તદ્અનુસાર ફરીયાદીએ પ્રશ્ન હેઠળની માહિતિ મેળવવા માટે ઉપરોકત કલમ-૬(૧) અને ગુજરાત માહિતિનો અધિકાર

નિયમો-૨૦૧૦ ના નિયમ-૩(૧)થી નિર્દિષ્ટ થયાનુસાર નમૂના 'ક' માં લેખિત અરજી કરવી જોઇએ અને તે અરજી કરવા માટે તે નિયમોના નિયમ-૫(ક)થી ઠરાવાયેલ રૂ.૨૦/- ની ફી ભરપાઇ કરવી જોઇએ. તેમ કરવામાં આવ્યું ન હોય ત્યારે સંદર્ભિત માહિતિની માંગણી આ અધિનિયમ અન્વયે કરાયેલ માહિતિની વિનંતી તરીકે માન્ય ઠરતી નથી. પરિણામે તેવી માંગણી સંદર્ભે આ અધિનિયમ હેઠળ નિયુકત થયેલા જાહેર માહિતિ અધિકારીની કોઇ ફરજ ઉપસ્થિત થતી નથી અને તેથી તેવી ફરજનું પાલન નહીં કરવા બદલની તેમના સામેની ફરીયાદ પણ થઇ શકે નહીં. આમ પરિશિષ્ટમાં દર્શાવેલ અરજીઓથી પ્રશ્ન હેઠળની માહિતિ માટે શ્રી ધ્રુવએ કરેલ વિનંતીઓ આ અધિનિયમ અન્વયેની માન્ય વિનંતી કે અરજી તરીકે પ્રસ્થાપિત થતી નથી. તેથી તેમાંથી ઉપસ્થિત થતાં કારણસર કરેલ રજૂઆત આ અધિનિયમની કલમ-૧૮ ની પેટાકલમ-(૧) મુજબની ફરીયાદ બનતી નથી અને તેથી આ સઘળી અરજીઓ સંદર્ભે આયોગ દ્વારા સુનાવણી કરવા યોગ્ય કેસ નથી. ઉપરાંત કાયદાની ઉપરોકત જોગવાઇઓના પ્રકાશમાં શ્રી ધ્રુવએ ઉપર પારા ક્રમાંક-૨.૧.(૧) ની વિગતે તેમની સંદર્ભિત તમામ અરજીઓથી સંબંધિત જાહેર સત્તામંડળોએ પ્રગટ કરેલ પ્રોએકટીવ ડીસ્કલોઝરની નકલ વિનામૂલ્યે અપાવવા કરેલ માંગણી પણ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. તત્પૂરતી શ્રી ધ્રુવની વિચારણા હેઠળની સઘળી ફરીયાદો અસફળ નિવડે છે.

- ૪.૧(૨): ઉપર પારા ક્રમાંક-૨.૧(૨) ની વિગતે શ્રી ધ્રુવએ સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ પાસેથી આ અધિનિયમના ભંગના કૃત્ય બદલ પ્રતિદિન રૂ.૨૫૦/- લેખે દંડ વસુલ કરવા હુકમ કરવા પણ માંગણી કરેલ છે. આ સંદર્ભે આ

અધિનિયમની કલમ-૧૮ ની પેટાકલમ-(૧) ના સ્પષ્ટ પ્રબંધો જોતાં જે કેસમાં આ અધિનિયમની જોગવાઇઓ મુજબની અરજી સ્વિકારવા કે માહિતિ આપવા ઇન્કાર કરવામાં આવ્યો હોય, અથવા તે વિનંતીનો પ્રતિભાવ આપવામાં આવ્યો ન હોય, અથવા ગેરવ્યાજબી ફી ચુકવવા ફરમાવ્યું હોય, અથવા અધુરી, ગેરમાર્ગે દોરનારી કે ખોટી માહિતિ આપવામાં આવી હોય તેવા કેસમાં આવી ફરીયાદનું કારણ ઉપસ્થિત થાય છે. આ જોગવાઇ જોતાં માહિતીવાંચ્છુ નાગરિકે આ અધિનિયમથી નિર્દિષ્ટ કરાયાનુસાર માહિતિની વિનંતી કરી હોય તે પહેલી અને અનિવાર્ય જરૂરિયાત છે.

પરંતુ આ કેસમાં જયારે માહિતિની મૂળ વિનંતી જ આ અધિનિયમથી નિર્દિષ્ટ કરાયાનુસાર કરવામાં આવી હતી તેમ પ્રસ્થાપિત થયું નથી, ત્યારે સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ દ્વારા તે સંબંધે આપેલ પ્રતિભાવથી કે નકલ આપવા કરેલ ઇન્કારથી આ અધિનિયમનો ભંગ કરવામાં આવ્યો હોવાનું સ્થાપિત થતું નથી. તેથી તે બદલ તેમનો દંડ કરવા યોગ્ય કારણ ઉપસ્થિત થતું નથી. તે સંજોગોમાં જાહેર માહિતી અધિકારીનો દંડ કરવા કે વસુલ કરવા હુકમ કરવા કોઇ કારણ ન હોવાથી શ્રી ધ્રુવની આ માંગણી પણ ગ્રાહય રાખવાપાત્ર ઠરતી નથી. તત્પૂરતી પણ શ્રી ધ્રુવની વિચારણા હેઠળની સઘળી ફરીયાદો અસફળ નિવડે છે.

૪.૧(૩) : ઉપરના પારા ક્રમાંક-૨.૧(૩) ની વિગતે શ્રી ધ્રુવએ સંબંધિત જાહેર માહિતી અધિકારીઓ વિરૂધ્ધ શિસ્તપાલન (શિસ્તભંગ) અંગે પગલાં લેવાં હુકમ કે ભલામણ કરવા કરેલ માંગણી ઉપર પારા ક્રમાંક-૪.૧(૧) અને ૪.૧(૨) માં થયેલ વિગતવાર વિચારણાના પ્રકાશમાં ગ્રાહય રાખવા યોગ્ય નથી. તેથી તત્પૂરતી પણ શ્રી ધ્રુવની સંદર્ભિત સઘળી ફરીયાદો અસફળ નિવડે છે.

૪.૧(૪) : ઉપર પારા ક્રમાંક-૨.૧(૪) ની વિગતે શ્રી ધ્રુવએ આ અધિનિયમની કલમ-૪ થી ઉપસ્થિત થતી ફરજો બજાવવામાં નિષ્ફળ રહેલ સંદર્ભિત સઘળા જાહેર સત્તામંડળના વડા વિરૂધ્ધ કાર્યવાહી કરવા હુકમ અગર ભલામણ કરવા માંગણી કરેલ છે. તે અંગે વિચારણા કરતાં આયોગને જણાય છે કે સંદર્ભિત પ્રત્યેક જાહેર સત્તામંડળના વડા દ્વારા માહિતિ અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪(૧)(ખ)ના ક્રમ-(૧) થી (૧૭) પૈકી પ્રત્યેક મુદ્દામાં અપેક્ષિત માહિતિ, તે સામે તે દરેક જાહેર સત્તામંડળ દ્વારા હાલ પ્રસિધ્ધ કરાયેલ માહિતિ, તેમાં જણાતી અપૂર્ણતા, તેમાં નવી સમાવેશ કરવાની કે ઉમેરવાની માહિતિ વગેરે બાબતોનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને સમીક્ષા કરવામાં આવે અને આ સંદર્ભે પ્રગટ કરવાની તમામ માહિતિ અદ્યતન કરીને પ્રસિધ્ધ કરવાની કામગીરી સત્વરે પૂર્ણ કરવામાં આવે તેવો કાર્યક્ષમ પ્રબંધ કરવાની જરૂર છે.

આયોગ આ હુકમના પરિશિષ્ટના અનુક્રમ નં.૧ થી ૬૯૪ સામે કોલમ-(૨) નીચે દર્શાવેલા દરેક જાહેર સત્તામંડળના વડાને માહિતિ અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૫ ની પેટાકલમ-(૫)ની જોગવાઇઓ અન્વયે આથી ભારપૂર્વક ભલામણ કરે છે કે તેમણે આ હુકમ મળ્યાથી સત્વરે અને એકંદરે ૭ માસથી વધુ નહીં તેવી સમયમર્યાદામાં આ કાર્યવાહી યથાયોગ્ય રીતે પૂર્ણ કરવા પ્રબંધ કરવો. ત્યારપછી પણ આ માહિતીઓ નિયમિતપણે અને ચોક્કસ સમયાંતરે અદ્યતન કરવામાં આવે તે માટેની કાર્યક્ષમ પધ્ધતિ અમલમાં લાવવી. તદ્અનુસાર કાર્યવાહી પૂર્ણ થયે શ્રી ધ્રુવને અદ્યતન કરાયેલ માહિતી નિરીક્ષણ માટે ઉપલબ્ધ હોવાની લેખિત જાણ કરવી. આ હુકમનો યથાર્થ અમલ થાય તે જોવા ભારપૂર્વક અનુરોધ સાથે આ હુકમની

એક નકલ સંદર્ભિત જાહેર સત્તામંડળના પ્રત્યેક વડાને નામજોગ મોકલી આપવા આયોગ આથી હુકમ કરે છે.

તે સાથે આ અધિનિયમની પ્રવર્તમાન જોગવાઇઓ અન્વયે વિચારણા હેઠળની સઘળી અરજીઓમાં શ્રી ધ્રુવએ કરેલ માંગણી મુજબની વિનામૂલ્યે નકલો અપાવવા કે સામેવાળાનો દંડ કરવા કે અન્ય પગલાં ભરવા હુકમ કરવા યોગ્ય કેસ ન હોઇ તે માંગણી સંદર્ભે વધુ વિચારણા કે હુકમને અવકાશ નથી.

૪.૧(૫) : શ્રી ધ્રુવએ ઉપર પારા ક્રમાંક-૨.૧(૫) ની વિગતે પ્રશ્ન હેઠળની માહિતી સંપૂર્ણપણે દર્શાવતા પ્રોએકટીવ ડીસ્કલોઝર જાહેર જનતાને ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા તાકીદે ઉભી કરવા તમામ સત્તામંડળોને ભલામણ કરવા માંગણી કરી છે. આયોગને જણાય છે કે ફરીયાદી દ્વારા આ માંગણી મારફતે ઘણું રચનાત્મક સૂચન થયેલ છે.

તેથી સમગ્ર રાજયના તમામ જાહેર સત્તામંડળોને આ અધિનિયમથી તેમની ઉપસ્થિત થતી અગત્યની વૈધાનિક ફરજોના યથાર્થ અનુપાલન પ્રતિ ગંભીરતાપૂર્વક લક્ષ આપવા તથા તેમ કરીને દરેક જાહેર સત્તામંડળે આપમેળે પ્રસિધ્ધ કરવાની માહિતીઓ યોગ્ય સ્વરૂપે સંપૂર્ણ વિગતે પ્રસિધ્ધ કરવા, તેને સમયાંતરે નિયમિતપણે અદ્યતન કરવા, તેમાં શકય તેટલી વિસ્તૃત માહિતિઓનો વખતોવખત ઉમેરો કરવા અને તેની અસરકારક સમીક્ષાનો પ્રબંધ કરવા માટે જરૂર જણાય તેવી સૂચનાઓ અને કાર્યવ્યવસ્થા અમલમાં લાવવા આયોગની ભારપૂર્વકની ભલામણ સાથે આ હુકમની એક નકલ સરકારશ્રીના મુખ્ય સચિવશ્રીને, સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રીને મોકલી આપવા પણ નિર્ણય કરવામાં આવે છે. તેમના મારફતે આયોગની આ ભલામણોનો રાજયના સર્વ જાહેર સત્તામંડળો દ્વારા

ગંભીરતાપૂર્વક અમલ થશે તેવી અપેક્ષા સાથે આયોગ આ હુકમના પરિશિષ્ટમાં ક્રમ-૧ થી ૬૯૪ ઉપરની તમામ ફરીયાદો ઉપર કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચે મુજબ આદેશ કરે છે.

## હુ ક મ

ફરીયાદ ક્રમાંક : ૧૯૨/૨૦૧૨, ૧૯૩/૨૦૧૨ અને ૫૮૮/૨૦૧૨ થી ૧૩૨૩/૨૦૧૨ સફળ નિવડતી નથી. તેમછતાં તેમાંની રજૂઆતથી ધ્યાન ઉપર આવેલ સ્થિતિને લક્ષમાં લેતાં આયોગ આથી આ હુકમના પરિશિષ્ટ-૧ ના અનુક્રમ નં.૧ થી ૭૩૯ સામે કોલમ નં.(૨) માં નોંધેલ તમામ જાહેર સત્તામંડળોને માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૪ ની પેટાકલમ-(૧) (ખ)ના ક્રમ-(૧) થી (૧૭) અન્વયે નિર્દિષ્ટ કરાયેલ સર્વ માહિતીઓ યોગ્ય સ્વરૂપે અને મહત્તમ વિગતો સાથે પ્રસિધ્ધ કરવાની, નિશ્ચિત સમયાંતરે અદ્યતન કરવાની અને તેના વ્યાપક પ્રસાર માટેની કાર્યક્ષમ વ્યવસ્થા અમલમાં લાવવા માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૨૫ ની પેટાકલમ-(૫) અન્વયે ભારપૂર્વક ભલામણ કરે છે.

| | | |
|---|---|---|
| Sd- | Sd- | Sd- |
| ( અરવિંદ શુકલ ) | ( બલવંત સિંઘ ) | ( ડી. રાજગોપાલન ) |
| રાજય માહિતી કમિશ્નર | રાજય માહિતી કમિશ્નર | રાજય મુખ્ય માહિતી કમિશ્નર |
| ગુજરાત માહિતી આયોગ | ગુજરાત માહિતી આયોગ | ગુજરાત માહિતી આયોગ |
| ગાંધીનગર. | ગાંધીનગર. | ગાંધીનગર. |

| | |
|---|---|
| મુકાબલ કરનાર | પ્રમાણિત કરનાર |
| [illegible] | [illegible] |
| કાયદા અધિકારી | સચિવ |
| ગુજરાત માહિતી આયોગ. | ગુજરાત માહિતી આયોગ |
| ગાંધીનગર | ગાંધીનગર |

[illegible]

# પરિશિષ્ટ

| અનુ ક્રમ | જાહેર સત્તામંડળની વિગત | જાહેર માહિતી અધિકારીની વિગત | માહિતીની વિનંતી કર્યાની તારીખ | જાહેર માહિતી અધિકારીના પ્રતિભાવની તારીખ | આયોગને અરજી કર્યાની તારીખ | આયોગમાં ફરિયાદનો ક્રમાંક | નોધાયા તારીખ | ફરીયાદનું કારણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૫૯૯ | મ્યુનીસીપલ કોર્પોરેશન | જાહેર માહિતી અધિકારીશ્રી (સંકલન) સુરત મહાનગરપાલિકા તા. સુરત જી. સુરત | 21/01/2012 | | 13/02/2012 | C-1184-2012 | 13/02/2012 | જાહેર માહિતી અધિકારીએ કોઇ જ પ્રતિભાવ આપેલ નથી. | |